સલામી સવારની..

કર્યો 'હિંદુત્વે' દગો, સાથ ભટકી ન જાય, ઈ જોજો!
સત્તાના મદે, મગજ ફટકી ન જાય, ઈ જોજો!
કાપ્યો આસ્થાનો દોર, બાપુ! પટકી ન જાય ઈ જોજો!
તમારો 'વિજય-રથ', અટકી ન જાય ઈ જોજો!
(શ્રી દિલીપજી મહારાજનો વસવસો...)

હાઈકુ

તૂટ્યો ભરોસો -
યાત્રા અટકાવી, કર્યો -
વિશ્વાસ ભંગ!

છોડશે નહીં !
ઈ છોડાવશે રણ -
તમને પણ !!

ચિંતન

વ્યસનાર્તો વિસ્મરત્ય પ્રવેશે ન ।

ઉપરોક્ત સૂત્ર ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.

વ્યસની લોકો પોતે નિશ્ચિત કરેલા લક્ષ્યોની સુધી કદી પહોંચી શકતાં નથી.

વ્યસનો, ખરાબ આદતો, નશીલા પીણાની ટેવોથી જકડાયેલો મનુષ્ય પોતાનાં કર્તવ્યોને પણ ભૂલી જાય છે. એની નિર્ણય શક્તિ પણ તેનાં શરીર અને મન જેવી શિતિલ - અનિશ્ચિત થઈ જાય છે. એટલે કયું કામ અગત્યનું અને પ્રથમક્રમે કરવા જેવું છે એનું મહત્વ કે એ બાબતના નિર્ણય પણ એ લઈ શકતા નથી. આત્મબળ અને નિર્ણયશક્તિ મક્કમ મન દ્વારા આવે છે. વ્યસનીઓ પાસે મક્કમ મન નથી હોતું. વ્યસનને જોતાં જ એમની બધી જ તાકાત પીગળીને પાણી પાણી થઈ જાય છે.

આવા અનિશ્ચિત મનના ચરિત્ર્ય પર કોઈ ભરોસો કરતું નથી પરિણામે એને નિશ્ચિત સમયમાં કરવાનાં જરૂરી કામ કોઈ સોંપયું નથી. આને કારણે તેમને ધન પ્રાપ્તિ પણ થતી નથી. આથી દારિદ્રય આવે છે અને તેઓ તેમના પરિવારને પણ પાયમાલ કરી નાખે છે. આથી જવાબદાર વ્યક્તિએ વ્યસનથી દૂર રહેવું સલાહભર્યું છે.

સુવિચાર

- ઈત્મીનાન અગર દૌલત મેં હોતા, તો સુકુન કભી સજદોં મેં ન હોતા - **મનહર દીનકર**
- નફરત કરનારો પ્રેમ ગુમાવે છે, પણ પ્રેમ કરનારે કંઈ ગુમાવવું પડતું નથી - **ધર્મલોક**
- અહંકારને લાગ્યા કરે છે કે હું ન હોઉં તો જગત કેમ કરીને ચાલશે ? - **શેખ સાદી**
- સંતોષ કયારેય છોડવો નહીં, આ મંત્રથી ખરાબમાં ખરાબ સમયમાં મન વિચલિત થતું નથી - **પ્રેમચંદ**
- અસત્ય સિવાય અન્ય કોઈ ઘાતક નથી, સત્ય સિવાય કોઈ સુકૃત નથી અને વિવેક સિવાય ભાઈસમાન કોઈ નથી - **જીવન પાથેય**
- શાંતિથી જીવવું હોય તો ત્રણથી બચવું, ફોનથી, ડોનથી, લોનથી - **નવનીત**
- આજનું ઔષધ : માટલીના એક ગ્લાસ પાણીમાં એક લીંબુનો રસ, મીઠું, ગુલાબજળ મેળવી પીવાથી પિત્ત વિકાસ શમે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ઓશો કહે છે કે તમે તમારા વિચાર અને આચાર બાબતે પ્રામાણિકતાથી, તમે કહો છો કંઈક અને કરો છો કંઈક. 'સ્વ' બાબતે તમે કહો છો કંઈક અને કરો છો કંઈક. 'સ્વ' બાબતે તમે એક મત નથી એટલે જ ભીંતરના શાશ્વત આનંદથી વંચિત રહી જાઓ છો. એક સાંજે એક વૃદ્ધ કઠિયારો લાકડાનો ભારો લઈ જંગલમાંથી ઘર તરફ જઈ રહ્યો હતો. એ ખૂબ થાકી ગયો હતો. એનો જીવનમાં કોઈ નવીનતા ન હતી. રોજની એક જ ઘટમાળમાં જીવન ચાલી રહ્યું હતું. ચાલતાં ચાલતાં એકાએક એણે માથા પરનો ભારો જમીન પર પટકી દીધો. ઘૂંટણિયે બેસી આકાશ તરફ જોઈને બોલ્યો, 'હે મોત!! રોજ તું કેટલાયની પાસે આવે છે પણ મારી પાસે કેમ નથી આવતું ? હજી મારે કેટલો ભાર ઊંચકવાનો છે. કેટલા દુઃખ વેઠવાના છે? મેં શું ગુનો કર્યો છે? મેં કદાચ ગુનો કર્યો હોય તો પણ આટલી બધી સજા ? મહેરબાની કરીને મને લઈ લે.' અચાનક યમરાજ તેની પાસે આવીને ઊભા રહી ગયા. અને પૂછ્યું, 'આપે મને બોલાવ્યો ? બોલો...!! હું આપની શું મદદ કરી શકું ?' કઠિયારો હતપ્રભ થઈ ગયો એને પોતાની આંખો પર ભરોસો ન બેઠો. કે મૃત્યુ ને આમ બોલાવો અને આમ તમારી સમક્ષ હાજર થઈ જાય. પળવારમાં તે જીવનભરનો થાક, હતાશા, અણગમો બધું જ ભૂલી ગયો. અને ઊભો થઈ એટલું જ બોલી શક્યો, 'હા... હા... મેં જ તમને બોલાવ્યા છે. આ લાકડાનો ભારો મારે માથેથી પડી ગયો છે. આજુબાજુ કોઈ દેખાતું પણ નથી એટલે તમને યાદ કર્યા. હવે આપ મને આ ભારો માથા પર ચડાવામાં મદદ કરો.'

ચીનની આડાડોઈ સામે વૈશ્વિક પરિબળો ભારતના પડખે

તંત્રીસ્થાનેથી...

કોઈને કલ્પના પણ નહીં કરી હોય કે વૈશ્વિક આર્થિક મહાસત્તા બનવા પાડોશી ભારતમાં સતત મોટું બજાર શોધતું રહેતું ચીન એકાએક એની જાત બતાવી દેશે. ચીનના સર્વોચ્ચ નેતા શી જિનપિંગને ભારતમાં નિમંત્રિત કરીને વડાપ્રધાને જે લાડ લડાવેલાં તે જાણીતાં છે. કરોડો રૂપિયા પાણીની જેમ વાપરી એમને પોતાના હોમ સ્ટેટ ગુજરાતની મુલાકાતે લઈ આવ્યા હતા, મોંઘીદાટ મહેમાનગતિ કરી હતી. સાથે ઝૂલે ઝૂલ્યા હતા. એમના માનમાં કલાકારોને નચાવ્યા હતા. કોરોનાના ઉદ્‌ગમ સ્થાન તરીકે ચીન પણ આંગળી ચીંધાવા લાગી ત્યારે પણ શરૂઆતના તબક્કે ભારતે તટસ્થ અભિગમ અપનાવ્યો હતો. પાછળથી કોરોનાનાં મૂળ અને કૂળની ઊંડી તપાસ માટે યુનાઈટેડ નેશન્સ મારફત રચાયેલ સમિતિની માંગણીમાં પણ ભારતે ઊંચા જીવે સહી કરી હતી. છેક હમણાં સુધી વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમ જ કહેતા રહ્યા કે ચીને ભારતના કોઈ પ્રદેશ પર ઘૂસણખોરી કરી નથી. હકીકત એથી વિપરિત હતી તે આખી દુનિયા જાણે છે. છેલ્લા વર્ષ દરમિયાન ચીની સેનાએ વારંવાર ભારતીય પ્રદેશમાં અતિક્રમણ કર્યું હતું એટલું જ નહીં, સીમા રક્ષક દળો સાથે બોલાચાલીથી માંડી છૂટા હાથની મારમારી અને છેલ્લે તો લોહિયાળ અથડામણ પણ થઈ હતી. ગલવાન ખીણ પણ ચીને કબજો કરી લીધો અને અરુણાચલથી માંડી લદ્દાખ સુધીની સીમા પર ઠેકઠેકાણે છમકલાં કર્યા ત્યારે નાછૂટકે ભારતને એની સામે લશ્કરી દળો સાબદાં કરવાં પડ્યાં છે. અત્યારે બેઉ પક્ષો વચ્ચે થયેલ કહેવાતાં સમાધાનના લીરેલીરા ઉડાડી ચીને સરહદ પર યુદ્ધનું વાતાવરણ સરજી દીધું છે. ભારતને ૧૯૬૨માં હરાવી ચૂકેલા ચીન એ પછીનાં વર્ષો દરમિયાન વૈશ્વિક મહાસત્તા બની ચૂકેલ છે અને એશિયા પેસિફિક વિસ્તારમાં આવેલ તમામ દેશો માટે જોખમરુપ બની રહ્યું છે. અમેરિકાને ચીનની આ આડોડાઈ ધરાર ગમતી ન હોઈ એણે પોતાનાં દુનિયાભરમાં તહેનાત લશ્કરી દળોને વ્યૂહાત્મક રીતે વહેંચવાના આદેશ કરી દીધા છે. દક્ષિણ અને પૂર્વ ચીન સમુદ્રમાં અને સવિશેષ ભારત સામે ચીને ઊભા કરેલા યુદ્ધના ભય સામે અડિખમ દીવાલ બની ઊભા રહેલા પ્રેસિડેન્ટ ટ્રમ્પે જર્મનીમાં કાર્યરત અમેરિકન ટ્રૂપ્સ પૈકી અડધોઅડધ પાછા બોલાવી જરૂર પડ્યે ભારતની સહાય કરવા તહેનાત કરવાનો વ્યૂહાત્મક નિર્ણય કર્યો છે, એથી જર્મની સામે રશિયાના આક્રમણનો ભય પણ ઊભો થયો છે, પરંતુ ટ્રમ્પ અને એમના વિદેશમંત્રી પોમ્પિયો બેઉ માટે ચીન એશિયા પેસિફિક વિસ્તારના ભારત સહિતના લોકશાહી દેશો સામે જે યુદ્ધનું વાતાવરણ સર્જી રહ્યું છે. તે બાબત ટોપ પ્રાયોરિટીની છે. વિદેશમંત્રીએ યુરોપિયન મિત્રદેશોને પણ આ મુદ્દે આશ્વસ્ત કર્યા છે અને લોકશાહીના રક્ષણ સામે ચીનની કોમ્પ્યુનિસ્ટ પાર્ટી અને સેના જે ખતરો ઊભો કરી રહેલ છે એમાં અમેરિકાએ વ્યૂહાત્મક પગલાં લેવાં પડ્યા છે એવું સ્પષ્ટ નિવેદન કર્યું છે. પોતાની વિસ્તારવાદી નીતિને કારણે ચીન ભારત ઉપરાંત તાઈવાન, મલેશિયા અને ફિલિપાઈન્સ કે ઈન્ડોનેશિયાને પણ પજવી રહ્યું છે. દક્ષિણ અને પૂર્વ ચીની સમુદ્રમાં ઘણા ટાપુઓ પર એણે કબજો જમાવી દીધો છે અને ભારત સાથેની સીમા પર ઘૂસણખોરી કરીને લશ્કરી જમાવડો કરી દીધેલ છે. ભારતની રાજકીય પાર્ટીઓ એકબીજાની સામે આક્ષેપબાજીમાંથી ઊંચી નથી આવતી ત્યારે વિશ્વની નંબર-વન મહાસત્તા એને ચીની સકંજામાં સપડાતાં પહેલાં જ કુમક લઈને તૈયાર ઊભી છે. ભારત માટે અમેરિકાચીન સામે ઢાલ પુરવાર થઈ રહ્યું છે તે કબૂલવાની સત્તાધીશોને શરમ ન આવવી જોઈએ. 'નમસ્તે ટ્રમ્પ' ઈવન્ટનો વિરોધ કરનારાઓએ પણ આ હકીકત નજર અંદાજ ન કરવી ઘટે.

જબ તક હાર નહીં હોતી ના... તબ તક આદમી જીતા હુઆ રહતા હૈ

જબ તક હાર નહી હોતી ના... તબ તક આદમી જીતા હુઆ રહતા હૈ

- નમસ્તે લંડન

ઈ.સ.૨૦૦૭માં અક્ષય કુમાર અને કેટરીના કૈફ અભિનીત ''નમસ્તે લંડન'' ફિલ્મ સુપરહીટ રહી હતી. રાકેશ શાહ અને સુરેશ નાયરે આ ફિલ્મની કથા અને સંવાદો લખ્યા હતા. આમ તો મનોજકુમારની ''પૂરબ ઔર પશ્ચિમ'' ફિલ્મની જેમ કથા ગોરી મેમ અને દેશી હીરોની આસપાસ ઘૂમતી રહે છે. પરંતુ અક્ષયકુમારની લાજવાબ એકટીંગ અને હિમેશ રેશમિયાનું અદ્ભૂત સંગીત ફિલ્મની સફળતાનું મુખ્ય રહસ્ય હતું.(જી, હા ત્યારે હજી હિમેશભાઈને એક્ટીંગનો કીડો નહોતો લાગ્યો માટે સંગીત સારું આપતા હતા)

ફિલ્મમાં કેટરીના કૈફ વિદેશી વિચારોથી વ્યાપ્ત છે,અને અક્ષયકુમારને જરાપણ પસંદ કરતી નથી. પરંતુ અક્ષય કુમાર હંમેશા આશાવાદી બનીને હિંમત હારતો નથી.

ઉપરોક્ત સંવાદ જેવો જ એક શ્લોક નીતિશતકમાં મળી આવે છે.

છીન્નઃ અપિ રોહતિ તરુઃ ક્ષીણઃ અપ્યુચીયતે પુનશ્ચન્દ્રઃ ।
ઇતિ વિમૃશ્યન્તઃ સન્તઃ સંતપ્યન્તે ન વિધુરેષુ ॥

- નીતિશતકમ — ૭૯

કાપી નાખેલું ઝાડ ફરીથી ફૂટે છે, ચંદ્ર કૃશ થઈને પાછો વૃદ્ધિ પામે છે. આવું જ વિચારીને સજ્જન મુસીબતોમાં પણ દુઃખી થતાં નથી.

નીતિશતક ગ્રન્થ ભર્તૃહરિ કૃત ખૂબ જ ઉત્તમ ગ્રંથ છે. લગભગ પાંચમી સદીમાં થઈ ગયેલા ભર્તૃહરિ એ આ સિવાય શૃગાંરશતક અને વૈરાગ્યશતકની પણ રચના કરી છે. તેમણે રચેલી આ ઉત્તમ કૃતિ આજે પણ જીવનોપયોગી છે.

છીન્નોડપિ રોહતિ તરુઃ ક્ષીણોડ્પ્યુચીયતે પુનશ્ચન્દ્રઃ ।
ઈતિ વિમૃશન્તઃ સન્તઃ સંતસ્યન્તે ન વિધુરેષુ ॥

- નીતિશતકમ્

- jayuoza@gmail.com, Mo.9898046488

ઓનલાઈન 'ગુરુના મહિમા' વિશે ગુજરાતીમાં સ્વરચિત ગીત,કવિતા અને ગઝલ કાર્યક્રમ યોજાશે

'વૃત સંચય'

● પ્રવર્તમાન કોરોના કહેરને અનુલક્ષીને, એક સાથે માણસો એકઠા ન થાય અને સોશિયલ ડિસ્ટન્સ જળવાઈ રહે અને માતૃભાષામાં પણ સાહિત્યમાં ખેડાણ થતું રહે તે હેતુસર, સાહિત્યિક સંસ્થા મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા, ગાંધીનગર દ્વારા ઑનલાઈન કવિ સંમેલનમાં, તારીખ ૫મી જુલાઈ,૨૦૨૦ ના રોજની 'ગુરુ પૂર્ણિમા' નિમિત્તે 'ગુરુના મહિમા' વિશે ગુજરાતીમાં સ્વરચિત ગીત,કવિતા અને ગઝલ રજૂ કરવાનો એક કાર્યક્રમ તા.૫-૭-૨૦૨૦ ના રોજ, બપોરના ૨-૦૦ વાગ્યે યોજવામાં આવ્યો છે; જેમાં કવિઓ સંસ્થાની લિંક ઉપર પોતાના નામ નોંધાવી શકશે. જરૂર જણાયે, મોબા.નં. ૮૮૪૯૭૯૪૩૭૭ ઉપર અધ્યક્ષ ડૉ.ગુલાબચંદ્ર પટેલનો સંપર્ક સાધી શકશે.

● ગુજરાત સાહિત્ય સંગમ, ગાંધીનગરના ઉપક્રમે, સાહિત્યમાં એક નવી શરૂઆત કરવામાં આવી રહી છે. જેમાં દર સોમવારે સંસ્થાના ફેસબુક પેજ ઉપર, એક ચિત્ર પોસ્ટ કરવામાં આવશે,એ ચિત્રને શબ્દો થકી એક શેર /મુક્તકમાં ઢાળી, ફોટાની નીચે કોમેન્ટ લખવાની રહેશે; જેમાં સૌથી શ્રેષ્ઠ શેર/મુક્તકને ગુજરાતી સાહિત્ય સંગમ,ગાંધીનગરના પેજના કવર ફોટો પર, સંબંધિતના ફોટા અને ટૂંકા પરિચય સાથે રાખવામાં આવશે.

- muljibhaidadhi@gmail.com
(M)9824236893

ગગા ઓઝાનું ભાવનગર : એક ઉજળો ઇતિહાસ

સર ટી. માધવરાવની ઓળખ ભાગ્યેજ ગુજરાતના સુજ્ઞ વાચકોને આપવી પડે. સર ટી. માધવરાવે એક માલધારી ગ્રામીણ કુટુંબમાં ઉછરેલા એક કિશોરનું ઘડતર વડોદરા જેવા સમૃધ્ધ તથા વિશાળ રાજ્યના રાજવી તરીકે કર્યું હતું. વડોદરાના સૌથી પ્રતાપી રાજવી તરીકે જાણીતા સયાજીરાવ (ત્રીજા)ને સર્વાંગ કેળવણી ટી. માધવરાવે આપી હતી. રાજવીએ રાજ્ય વહીવટ ચલાવતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો અંગેનું સર ટી. માધવરાવનું પુસ્તક 'MINOR HINTS' આજે પણ એટલુંજ માર્ગદર્શક તેમજ સંદર્ભયુક્ત લાગે છે. આવા સર ટી. માધવરાવ ૧૮૭૮માં ભાવનગરના રાજ્યના મહેમાન થયા હતા. ભાવનગર રાજ્યની પ્રગતિ તેમજ રાજ્યના દીવાન ગગા ઓઝા (ગૌરીશંકર ઓઝા)ના સુશાસનની વાતો ટી. માધવરાવે સાંભળી હતી. ભાવનગરની મુલાકાતનું આ એક મહત્વનું કારણ હતું. કોઈ વિશિષ્ટ અતિથિ આવે ત્યારે મુલાકાતની સ્થળે જોવાલાયક સ્થળોની મુલાકાત – જૈાષ્પ્ર્ર જીીહષ્પ – લેવાની પ્રથા મુજબ સર ટી. માધવરાવ ભાવનગરનું સુપ્રસિધ્ધ સ્થળ ગૌરીશંકર સરોવર જોવા ગયા. તે સમયમાં પાણી સંગ્રહ માટેની આવી સુઘડ તેમજ સુંદર વ્યવસ્થા જોઈને સર ટી. માધવરાવ પ્રસન્ન થયા. વાતચીતમાં સહજ વિનોદ કરતા સર ટી. માધવરાવે ભાવનગરનું એક નમૂનેદાર રાજ્યમાં પરિવર્તન કરનાર ગગા ઓઝાને કહ્યું : '' દીવાનશ્રી, આ સુંદર જળાશયનું નિર્માણ કરવામાં જે ખર્ચ થયો હોય તેનાથી બે ગણા નાણાં લઈ આ જળાશય અમને વડોદરા મોકલી આપો ! આ જળાશયથી વડોદરા રાજ્યની શોભા વધશે. '' હવે ગગા ઓઝાનો ત્વરીત ઉત્તર સાંભળવા જેવો છે. ગાગ ઓઝાએ સર ટી. માધવરાવને કહ્યું : નામદાર ગાયકવાડ સરકાર અમારા મુરબ્બી હોવાથી આ તળાવ વિનામૂલ્યે અમે તેમને નઝરાણા (ભેટ) તરીકે આપીએ છીએ. પરંતુ એ તળાવ લઈ જવું એ આપના હાથની વાત છે ? '' આ પ્રસંગે હાજર રહેલા સૌ દરબારીઓ આ બન્ને વિચક્ષણ મહાનુભાવોની હળવી શૈલિમાં થયેલી વાત સાંભળીને હસી પડ્યા. ભાવનગરને એક વિશાળ અને સમૃધ્ધ રાજ્ય બનાવવામાં ગગા ઓઝાએ પોતાની જાત ખરચી નાખી હતી. સર પટ્ટણી કહેતા કે આ ડોસો કમાલ કરી ગયો છે. તેણે કરેલું ભાવનગરનું સ્વરૂપ આપણે જાળવી રાખીએ તો પણ ઘણું છે. ભાવનગરના પ્રતાપી રાજવીઓને આ બન્ને વિચક્ષણ વ્યક્તિઓ – ગગા ઓઝા અને સર પટ્ટણી – દીવાન તરીકે મળ્યા તે રાજ્યનું કદાચ સૌથી મોટું અહોભાગ્ય હતું.

ગગા ઓઝાનો જન્મ ૧૮૦૫ના ઓગસ્ટ માસમાં ઘોઘામાં થયો હતો. માતાપિતાની છત્રછાયા નાનપણમાં ગુમાવી તેથી મોસાળમાં તેમનો ઉછેર થયો. મામા તથા મામીએ બાળકને કદી પણ માતાપિતાની ખોટ વરતાવા દીધી ન હતી. માત્ર ચૌદ વર્ષની કાચી વયે તેમણે નબળી આર્થિક સ્થિતિને પહોંચી વળવા ઘોઘામાં કાપડનો વેપાર શરૂ કર્યો. પરંતુ ધંધા માટે જરૂરી મૂડીના અભાવે કાપડની દુકાન સંકેલી લેવાની નોબત જલ્દી આવી. ઘોઘાનાજ એક વેપારી અને ધનપતિ વ્રજલાલ રતનજીની પુત્રી કસળીબહેન સાથે તેમનું લગ્ન થયું. ગગા ઓઝાની બુધ્ધિમતાને ધ્યાનમાં લઈ તેમને ભાવનગર રાજ્યની સામાન્ય નોકરીમાં લેવામાં આવ્યા. ૧૭ વર્ષની ઉમ્મરે એક નાની શરૂઆત કરનાર આ માનવી રાજ્યના વિકાસનો એક ભવ્ય ઈતિહાસ રચવાના હતા તેની ભાગ્યેજ કોઈએ કલ્પના પણ કરી હશે. ગગા ઓઝા રાજ્યની નોકરીમાં દાખલ થયા ત્યારે ઠાકોર શ્રી વિજયસિંહજી (૧૮૧૬-૧૮૫૨) ભાવનગરના મહારાજા હતા. લગભગ છ દાયકાના લાંબા સમયગાળામાં ભાવનગર રાજ્યની સેવામાં (૧૮૨૧-૧૮૭૯) રહેલા ગગા ઓઝા એ ઉત્તમ વહીવટકર્તાઓમાં મોખરાનું સ્થાન ધરાવે છે. સૌરાષ્ટ્રનો રાજકીય ઈતિહાસ પણ આ સમયે 'વોકર સેટલમેન્ટ' (૧૮૦૭-૦૮) પછી જુદી દિશામાં વળાંક લેતો હતો. બ્રિટિશ સત્તા મજબૂત બનતી જતી હતી. રાજકોટમાં અંગ્રેજોની એજન્સી સ્થાપવામાં આવતા કાઠિયાવાડ અને રાજકોટનું મહત્વ વધતું જતું હતું. ગગા ઓઝાની પ્રતિભા તથા વિચક્ષણતા જોઈને મહારાજા વિજયસિંહજીએ તેમને ૧૮૪૭માં ભાવનગર રાજ્યના દીવાન તરીકે નિમણુંક કરી.

ભાવનગર રાજ્યના ઈતિહાસમાં વખતસિંહજી (આતાભાઈ)નું વિશેષ સ્થાન છે. ૧૭૭૨ થી ૧૮૧૬ સુધી તેઓએ રાજવી તરીકે ભાવનગર રાજ્યનો વિસ્તાર કર્યો. તળાજા – મહુવા – રાજુલા જેવા મહત્વના સ્થળો તેમણે કુશળતાપૂર્વક અને સંઘર્ષ કરીને ભાવનગરમાં સામેલ કર્યા. વખતસિંહજીના સમયમાં જે સંઘર્ષ થયા તેથી કેટલાક બહારવટિયાઓ પણ અન્યાયની લાગણી સાથે રાજ્ય સાથે સંઘર્ષમાં ઉતર્યા હતા. વખતસિંહજીના અનુગામી વિજયસિંહજીએ આવા અનેક વિવાદોનો સુખદ ઉકેલ આવે તે માટે તમામ પ્રયાસો કર્યા. યોગાનુયોગ આ સમયગાળામાંજ ગગા ઓઝા રાજ્યના દીવાન તરીકે આવ્યા અને વિજયસિંહજીને તેમની સામેના પડકારોને ઉકેલવામાં મદદરૂપ બન્યા. એજ રીતે મહારાજા જસવંતસિંહજી (૧૮૫૪-૧૮૭૦)ના સમયગાળામાં ગગા ઓઝાની વિચક્ષણતા તેમજ વહીવટી કુનેહથી સર્વસત્તાધિશ અંગ્રેજ હકૂમત સાથેના ૧૧૬ ગામના રાજ્યહક્કનો સંપૂર્ણ અધિકાર ભાવનગરને મળ્યો. આ એક અસામાન્ય સિધ્ધિ હતી. જેનો યશ ગગા ઓઝાની કુનેહને જાય છે. વર્ષો પછી આ રાજ્યના બીજા એક યશસ્વી દીવાન સર પટ્ટણીએ ભાવનગર રાજ્યને બંદરીય અધિકારો પરત અપાવ્યા હતા.

ગગા ઓઝાનું સૌથી ઉજળું પાસુ એ તેમની વિદ્વતાનું હતું. અંગ્રેજોની રાજકોટ એજન્સીના લગભગ તમામ પોલિટિકલ એજન્ટોએ ગગા ઓઝાના ભાવનગરના તમામ ક્ષેત્રોના વિકાસનો ઉલ્લેખ તેમના બ્રિટીશ સરકારને મોકલાતા અહેવાલોમાં કર્યો હતો. ઈ.સ.૧૮૮૩ના દિલ્હી દરબારમાં ગગા ઓઝાને C.S.I. (COMPANION OF STAR OF INDIA)ની માનદ પદવી બ્રિટીશ સરકારે આપી. મહારાજ તખ્તસિંહજીના સમયમાં ગગા ઓઝાએ ભવિષ્યના વિકાસનો વિચાર કરીને ભાવનગરથી ગોંડલના રેલ્વે વ્યવહારનો શુભારંભ કર્યો.

મકરસંક્રાંતિના શુભ દિવસે ૧૮૭૯માં ગગા ઓઝા રાજ્યકારભારમાંથી સ્વેચ્છાએ મુક્ત થયા. જે મહાપુરુષ રાજ્યની સેવામાં રૂ.૭૫ ના વાર્ષિક વેતનથી પ્રવેશ કર્યો હતો તેમને વાર્ષિક રૂ.૪૦,૦૦૦ નું પેન્શન આપવાનું રાજ્યે નક્કી કર્યું. અહીં ભાવનગરના રાજવીઓની હીરા પારખુ જેવી શક્તિ તેમજ અસામાન્ય ઉદારતાના દર્શન થાય છે. ડિસેમ્બર-૧૮૯૧માં ગગા ઓઝા સ્વધામ ગયા. ગગા ઓઝા એ આપણા ઈતિહાસનું એક ઝળહળતું પાત્ર છે.

'ગાંધીની કેળવણી અને તાજેતરનું ઘેલું'



મહાત્મા ગાંધીએ પાયાની કેળવણી અથવા તો વર્ધા શિક્ષણ અંતર્ગત પોતાના શિક્ષણ પ્રસરણ સંદર્ભે સામાજિક વિચાર રજૂ કર્યો હતો. આપણે જાણીએ છીએ કે ભારત જ નહીં વિશ્વભરમાં કેળવણી વિષયક વિચારો રજૂ કરવામાં અનેક સુધારકો અને વિચારકો થઈ ગયા. પરંતુ તેમછતાં કેળવણી અંગેની જરૂરી ગણાય એ કાળજી દાખલ કરવામાં નિષ્ફળ નીવડ્યા. ભારત જેવા ગુલામ દેશને આઝાદ તો કરવો પણ એની સાથે કેળવણીના ક્ષેત્રમાં પ્રસરેલી બીબાઢાળ વ્યવસ્થાને ફગાવી દેવા માટે ગાંધીએ પ્રયાસો કર્યા હતા. સેવાગ્રામના આશ્રમમાં આ ડોસાએ આઝાદ થવા મથી રહેલા દેશ આગળ અવનવી અને અણઅજમાવેલી યોજનાઓ મૂકીને એક નવી દૃષ્ટિ આપવાનો પ્રયાસ કર્યો હતો.

ગાંધીજીએ રજૂ કરેલી સર્વોદયની કેળવણી (વર્ધા યોજના) વિષયક ચર્ચાની સમગ્રતયા સમીક્ષા આચાર્ય જીવતરામ કૃપાલાનીજીએ એક નાનકડી ચોપડી અંગ્રેજીમાં લખી છે. શિક્ષણના સિદ્ધાંતોની સમજણ આપની પુસ્તિકાનું તેમને નામ આપ્યું હતું. 'તાજેતરનું ઘેલું' મજાકી છતાં આકર્ષક નામ આપેલી આ અંગ્રેજીમાં લખાયેલી ચોપડીનું આદિવચન ગાંધીજીએ લખ્યું હતું એ આ પુસ્તકની કિંમત અને જરૂરિયાત દર્શાવે છે.

આચાર્ય કૃપાલાનીજી કૃત 'ધેલેટેમ્ટ ફેડ'ની પ્રસ્તાવનામાં ગાંધીજી લખે છે : 'આ ચોપડી હું અથેથિ જોઈ ગયો છું. અનુભવમાં આવતી એક ઊણપ તેનાથી પુરાશે. જેને મારું 'તાજેતરનું ઘેલું' કહેવામાં આવ્યું છે, - ને તેય વળી કેળવણીનાં ક્ષેત્રમાં!' - તે વિષે જિજ્ઞાસુઓને જે અનેક શંકાઓ પજવે છે તે બધીનો જવાબ આપવાનો આ ચોપડીમાં પ્રયત્ન છે. ગાંધીજી વધુ લખે છે કે 'આચાર્ય કૃપાલાનીએ ઘણાં વરસ કેળવણીકાર તરીકે કાઢ્યાં છે; એમણે આ પાનામાં એ બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે આ 'ઘેલા'નું તળીયું બરોબર સાબૂત છે.'

મનુષ્યએ મૌલિક અને મહાન વિચારની કદર કરી જાણવી જોઈએ : કૃપાલાનીજી

યાદ રહે કે આ પુસ્તિકાની પહેલી આવૃત્તિ ૧૯૪૭માં પ્રગટ થઈ હતી. આચાર્ય કૃપાલાનીજી ગાંધીજીની સાથે ચંપારણ સત્યાગ્રહ સમયથી સંપર્કમાં આવ્યા હતા. 'ગળીનો ડાઘ' દૂર કરવા માટે ગાંધીજી જયારે ૧૯૧૬-૧૭માં બિહાર પહોંચ્યા ત્યારે સ્થાનિક કોલેજના અધ્યાપક, કૃપાલાનીજી તેમની સાથે પહેલા દિવસથી જ જોડાઈ ગયા હતા. મૂળમાં તો અધ્યાપક જ પણ ગાંધીવિચાર સાથે તેઓ જોડાઈ ગયા હતા. એક સમયે તેઓ ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક તરીકે પણ સેવા આપી ચૂક્યા હતા. મૂળમાં શિક્ષણનો માણસ અને ગાંધી સાથે ચાર દાયકાનું સંદર્ભ સંધાન ધરાવતા જીવતરામજીની લખાણ શૈલી વિશે અન્ય એક પુસ્તકમાં ગાંધીજીએ પ્રસ્તાવનામાં લખ્યું છે કે, 'આચાર્ય કૃપાલાનીજીની વિચારશૈલીમાં અને એમની કલમમાં કંઈક નોખાપણું છે, એ તુરત કળાઈ જાય છે. એને જાણનાર તુરત કહી દેશે કે અમુક લખાણ એમનું જ છે.'

'ધ લેટેસ્ટ ફેડ' પુસ્તિકામાં પણ તેમની લેખનશૈલીનો સરસ મજાનો પરિચય આપણને મળે છે. દેશના બૌદ્ધિકોમાં કૃપાલાનીજી ગાંધી ફિલસૂફીના એક પ્રખર મીમાંસક અને અર્થકાર ગણાય છે. ગાંધી વિચારની પ્રસ્તુતતા વિશેની તેમની ઊંડાણભરી સમજણ ગાંધી વિચારોના ખંડન સામે તેઓ ગાંધી તત્ત્વોનું મંડન કરનારી બની રહી છે.

કૃપાલાનીજી આ પુસ્તક અને પોતાના લેખન વિશે જરા જુદી રીતે વ્યક્ત થાય છે. તેઓ લખે છે, 'જે કામને માટે જરૂરી શક્તિ ન હોય તે માથે લેવું પડે એના જેવી ના - ગમતી ચીજ, મારા પૂરતું કહું તો મને બીજી લાગણી નથી. કુટેવોમાં લેખનની કુટેવ મને નથી. મને એની હથોટી નથી. ચિત્ર, સંગીત ને કાવ્યની પેઠે લેખન એક લલિતકલા છે. હું એમ માનું છું કે બીજી કળાઓની જેમ ઉત્તમ લેખનકાર્ય પણ જેમની પાસે તેને માટેની કાંઈક સ્વાભાવિક શક્તિ હોય તેઓ જ કરી શકે. તે એવું કામ નથી કે જે માત્ર તાલીમ કે શિક્ષણના લીધે શીખી શકાય. મારી પાસે તો નથી કુદરતી શક્તિ કે નથી તેની તાલીમ.'

આ ઉપરાંત કૃપાલાનીજી લખે છે 'મારે મારા પોતાના વિચારો લખવાના નથી. મારે ગાંધીજીના વિચારોનો અર્થ સ્પષ્ટ કરવાનો છે. બીજાના વિચારોનો અર્થ કરી બતાવવાનું કામ અઘરું હોય છે. તેમાંય જો તે માણસ જીવતો હોય તો તો ખાસ. અને જો તે વિચારક વેગવાન અને પ્રગતિશીલ વ્યક્તિત્વ ધરાવતો હોય તો તો તે કામ વધારે અઘરું બને છે.' - કૃપાલાનાજી માટે તો આ બંને બાબતો સામે હતી. ગાંધીજીના કેળવણી વિચારો ઉપર તેમણે સમજણ વિકસાવવાનું કામ પણ કર્યું અને તેઓની હાજરીમાં. પણ, તેઓ ભલે કહેતા હોય કે લેખન કાર્ય તેમની હથોટી ના હોય અને કુદરતી રીતે લખી શકવાની સ્થિતિ અને તાલીમના હોય પરંતુ આ પુસ્તકો ગાંધીની પાયાની કેળવણીને બૌદ્ધિક વર્ગથી જનસામાન્ય સુધીના તમામને સરળ સમજણ મળે એ રીતે લખી છે એન શિરાની જે ઊતરી જાય એવી ભાષામાં.

કૃપાલાનીજી લખે છે વિચારો હંમેશા સ્થૂળ માધ્યમ દ્વારા બીજાને આપી શકાય. તેથી જે માધ્યમમાં થઈને બહાર પડે તેને લીધે તેમની સૂક્ષ્મ છાયાઓ ઘણીવાર હણાય છે તો પણ મને લાગે છે કે જો કુદરતે જો કોઈને મૌલિક વિચારક ન બનાવ્યો હોય તોય, તેને માટે સારી વાત એ છે કે તે બીજાના મહાન વિચારોની કદર કરી જાણે. અત્યારના સમયમાં આપણને એમ નથી લાગતું કે ગાંધીજીના સર્વોદયની કેળવણીની કદર કરી જાણવી જોઈએ.